# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/041 Dt. 26/07/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા કેન્દ્રિય બજેટ ઉપર વિશ્લેષણ માટે વેબિનાર યોજાયો

### બજેટમાં પગારદારોને આંશિક રાહત આપી સ્ટાર્ટ–અપ માટે એન્જલ ટેક્ષને નાબુદ કરવાની જાહેરાત કરાઇ છે. જ્યારે એમએસએમઇ માટે ફિઝીકલ ઇન્સેન્ટીવ આવકારદાયક છે : જાણીતા ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી મુકેશ પટેલ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૫ જુલાઇ ૨૦૨૪ના રોજ સાંજે ૫:૩૦ કલાકે કેન્દ્રિય બજેટ ઉપર વિશ્લેષણ માટે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જાણીતા ટેક્ષ કન્સલ્ટન્ટ તેમજ પ્રેકિટકલ ટેક્ષ પ્લાનિંગના ફાઉન્ડર શ્રી મુકેશ પટેલે કેન્દ્રિય બજેટ ઉપર પોતાનું વિશ્લેષણ રજૂ કર્યુ હતું.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ વેબિનારમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારતના માનનીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણ દ્વારા રજૂ કરાયેલું બજેટમાં નાણાંકીય ખાધને ૪.૦ ટકાની નીચે રાખવાનો અને વર્ષ ૨૦૨૬માં ૪ ટકાથી ઓછી કરવાનો પ્રયાસ કરાયો છે. MSME માટે ક્રેડિટ ગેરેન્ટી સ્કીમ પ્લાન્ટ અને મશીનરી ખરીદી માટે રૂપિયા ૧૦૦ કરોડ સુધીની ક્રેડિટ ગેરેન્ટી ફંડની જાહેરાત આવકારદાયક છે. જો કે, બજેટમાં કાપડ ઉદ્યોગ માટે હજી ઘણું કરવાની જરૂર હતી. એકંદરે બજેટ સમાજલક્ષી અને દેશને આત્મ નિર્ભરતા તરફ લઇ જનારું છે.

ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય નાણાં મંત્રી દ્વારા રજૂ કરાયેલા બજેટમાં કોર્પોરેટ ટેક્ષ, ભાગીદારી પેઢી અને એલએલપી માટે ટેક્ષ સ્ટ્રકચરમાં કોઇ બદલાવ કરવામાં આવ્યો નથી. એમએસએમઇ માટે

ફિઝીકલ ઇન્સેન્ટીવ આપ્યા છે, જે આવકારદાયક છે, પરંતુ આવકવેરા અધિનિયમની કલમ 43B(H) મુજબ ૪૫ દિવસમાં પેમેન્ટ ચૂકવી દેવાની અને તેને ખર્ચ તરીકે બાદ નહીં આપવાની જોગવાઇમાં ફેરફાર કરવાની જરૂર હતી. બજેટમાં એમએસએમઇ માટે અમુક વ્યવહારમાં ૧૦૦થી ૧૨૦ દિવસમાં પેમેન્ટ ચૂકવવાની જોગવાઇ કરવી જોઇતી હતી. કારણ કે, ૪૫ દિવસમાં જો રૂપિયા નહીં ચૂકવાય તો ટેક્ષનું ભારણ આવશે. આ બાબતે વ્યવહારુ ઉકેલ આવવાની આશા હતી, પરંતુ બજેટમાં તેનો કોઇ ઉકેલ આવ્યો નથી.

તેમણે જણાવ્યું હતું કે, બજેટમાં પગારદારોને આંશિક રાહત આપવામાં આવી છે. આવકવેરાની નવી કર વ્યવસ્થા હેઠળ નાણાં મંત્રીએ સ્ટાન્ડર્ડ ડિડકશનને રૂપિયા ૫૦ હજારથી વધારીને રૂપિયા ૭૫ હજાર કર્યા છે. તેમણે ટેક્ષ સ્લેબમાં ફેરફાર કર્યા છે. ટેક્ષ સ્લેબમાં ફેરફાર બાદ હવે રૂપિયા ૩ લાખથી ૭ લાખની આવક પર ૫ ટકા ટેક્ષ લાગશે. રૂપિયા ૭ લાખથી ૧૦ લાખ સુધીની આવક પર ૧૦ ટકા ટેક્ષ ચૂકવવો પડશે. જ્યારે રૂપિયા ૧૦ લાખથી ૧૨ લાખ સુધીની આવક પર ૧૫ ટકા અને રૂપિયા ૧૨ લાખથી ૧૫ લાખ સુધીની આવક પર ૨૦ ટકા ટેક્ષ લાગશે અને પહેલાની જેમ રૂપિયા ૧૫ લાખથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્ષ ચૂકવવો પડશે.

બજેટમાં સ્ટાર્ટ–અપ માટે એન્જલ ટેક્ષને નાબુદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. દેશમાં સ્ટાર્ટ–અપ અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સરકારે સ્ટાર્ટ–અપમાં રોકાણ કરનારા તમામ પ્રકારના રોકાણકારો પર લાગુ એન્જલ ટેક્ષને નાબુદ કરી દીધો છે. આ ઉપરાંત બજેટમાં આવકવેરાના વિવાદો અને સેટલમેન્ટ માટે વિવાદ સે વિશ્વાસ સ્કીમની જાહેરાત કરવામાં આવી છે. વિવાદ સે વિશ્વાસ ૨૦૨૪ સ્કીમ પસંદ કરવા માટેની પહેલી તારીખ ૩૧ ડિસેમ્બર છે.

વધુમાં શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, વિવિધ એસેટ માટેના લોન્ગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્ષ ૧૨.૫ ટકા કરાયો છે. જ્યારે લીસ્ટેડ ઇકિવટી, ઇકિવટી મ્યુચ્યુઅલ ફંડ્‌સ અને બિઝનેસ ટ્રસ્ટના એકમો પર શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ટેક્ષ ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. જો કે, તેમાં અનલિસ્ટેડ બોન્ડ અને ડિબેન્ચર્સનો સમાવેશ થતો નથી. તેમણે ડિમ્ડ શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન, લોન્ગ ટર્મ કેપિટલ ગેઇન, ચેરિટેબલ ટ્રસ્ટ, ટીડીએસ, ટીસીએસ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંગે બજેટમાં કરાયેલી જોગવાઇઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ વેબિનારમાં જોડાયેલા સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના ચેરમેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રગ્નેશ જગાશેઠે વેબિનારનું સંચાલન કર્યું હતું. વેબિનારમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્‌ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, પૂર્વ પ્રમુખો શ્રી ભરત ગાંધી અને શ્રી રૂપીન પચ્ચીગર, ગૃપ ચેરમેન સીએ મિતિષ મોદી, ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન શ્રી અનિલ શાહ, વ્યવસાયિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્‌સ, એડવોકેટ અને ટેક્ષ પ્રેકિટશનરો જોડાયા હતા. શ્રી મુકેશ પટેલે વેબિનારમાં જોડાયેલા વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સના બજેટ સંબંધિત વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ વેબિનારનું સમાપન થયું હતું.